# રાજકોટ જિલ્લાના તમામ ગામ અને શહેરને નર્મદા નીર મળશે

## જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા તાલુકાના ૧૫૬ ગામ તથા ૫ શહેરોને નર્મદા પાઈપ લાઈનથી જોડી દેવાશે

અમદાવાદ, તા.૧૪

રાજયના પ્રજાજનોને ઘર આંગણે જ પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવાનો નિર્ધાર કરીને રાજય સરકારે સમયબદ્ધ આયોજન કર્યું છે. જેના ભાગરૂપે સૌરાષ્ટ્ર કચ્છમાં નર્મદાના નીર પહોંચાડવા માટે નાવડાથી ઉપલેટા પાઈપ લાઈનનો રૂ. ૫૯૬ કરોડનો પ્રોજેક્ટ મંજુર કર્યો છે. જેનું ખાતમુર્હત મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આગામી તા. ૧૮મી જુનના રોજ જામકંડોરણા ખાતે કરશે. તેમ પાણી પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નર્મદા માસ્ટર પ્લાન્ટ અંતર્ગત નાવડાથી ઉપલેટા સુધીના બલ્ક પાઈપ લાઈનમાં નિર્માણ દ્વારા રાજકોટ જિલ્લાના તમામ ગામો તથા શહેરોને નર્મદાના પાણીની પાઈપ લાઈનથી જોડી દેવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટથી જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા તાલુકાના ૧૫૬ ગામો તથા જેતપુર, જામકંડોરણા, ધોરાજી ઉપલેટા અને ભાયાવદર જેવા પાંચ શહેરોને ડીનેટવર્કમાં નર્મદાની કનેકટીવીટીથી જોડવામાં આવશે. હાલની પાણીની જરૂરિયાત ૭૯ એમએલડી છે. જે વર્ષ-૨૦૪૧માં સંભવીત જરૂરિયાતને ધ્યાને લઈ આ આયોજન કરાયું છે. આ પ્રોજેક્ટ હેઠળ મુખ્યત્વે ૧૫૦૦ મીમીથી ૧૦૨૫ મીમી વ્યાસની તથા ૭૦૦ અને ૮૦૦ મીમી વ્યાસની ૧૭૧.૫૦ કિ.મી બલ્ક પાઈપ લાઈનના કામો તથા ૩ જગ્યાએ પંપીંગ મશીનરીની ક્ષમતામાં વધારો કરવાના તથા ૩ જગ્યાએ નવીન પંપીંગ સ્ટેશન તથા અન્ય આનુષાંગિક કામો હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા માસ્ટર પ્લાન હેઠળ અત્યાર સુધીમાં ૨૭૨૭ કિ.મી બલ્ક પાઈપ લાઈનની રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડના કામો પૂર્ણ કરાયા છે. ઉપરાંત ધરાઈથી ખરીસરા, જેતપુર, ધોરાજી, ઉપલેટા તાલુકાના ગામો તથા પાંચ શહેરો માટે આગામી સમયમાં પાઈપ લાઈન નાંખવાનું આયોજન છે. હાલના તબક્કે આ નેટવર્કમાં બોટાદથી ગઢડા, ચાવડથી ચમારડી થી ધોરાજી અને ઉપલેટા તેમજ અમરનગરથી વડીયા સુધી પાઈપ લાઈન નાખવાનું આયોજન છે.



વિશ્વ યોગ દિવસ : આગામી ૨૧મીએ વિશ્વભરમાં ઉજવાનાર વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સેક્ટર ૧૯ જીમખાના ખાતે સનદી અધિકારીઓ પરિવાર સાથે યોગની તાલીમ મેળવી રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી ગાંધીનગરની તમામ સંસ્થાઓ યોગ માટે સતર્ક બની છે અને રસપૂર્વક યોગ દિનની ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરી રહી છે.



ગાયત્રી મહાયજ્ઞ : મેઘરાજાને મનાવવા માટે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી મહાયજ્ઞ યોજાયો હતો.

# અમદાવાદ સહિત રાજ્યમાં વરસાદની આગાહી

## રાજ્યના અનેક ભાગોમાં હજુ પણ પારો ૪૦ : વાદળછાયુ વાતાવરણની વચ્ચે લોકોને હવે ઓછી ગરમીનો અનુભવ

અમદાવાદ,તા. ૧૪

અમદાવાદ શહેરમાં આજે પણ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું જેના કારણે ગરમીથી લોકોને રાહત થઈ હતી. જો કે, રાજ્યના ઘણા ભાગોમાં હજુ પણ પારો ૪૦થી ઉપર છે જેમાં અમદાવાદ, ગાંધીનગર, ભાવનગરનો સમાવેશ થાય છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડી શકે છે. ગઈકાલે પણ કેટલાક વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદ સહિત ગુજરાતમાં હવે મોનસુનની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. વરસાદની એન્ટ્રી હવે થવાની તૈયારીમાં છે. અમદાવાદમાં આવતીકાલે આંશિક વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. નિચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમ પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે. ગુજરાતમાં આ મહિનાના ચોથા સપ્તાહ સુધી મોનસુનની એન્ટ્રી થઈ શકે છે. અમદાવાદમાં આજે વાદળછાયુ વાતાવરણ હોવા છતાં બપોરના ગાળામાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કરવો પડ્યો હતો. કેરળમાં મોનસુની વરસાદની શરૂઆત થઈ ચુકી છે અને આની સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી ચુકી છે. સવારમાં વરસાદી વાદળા જોવા મળી રહ્યા છે. લોકોની ઉત્સુકતાનો હજુ અંત આવ્યો નથી. ગરમીથી ચોક્કસપણે રાહત થઈ છે. કારણ કે મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યો છે.

થોડાક દિવસ પહેલા જ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૮થી ઉપર પહોંચ્યો હતો અને ગરમીના રેકોર્ડ સર્જાયા હતા. છેલ્લા તમામ વર્ષોની સૌથી વધારે ગરમીનો અનુભવ હાલના દિવસોમાં લોકોએ કર્યો હતો પરંતુ હવે રાહત થઈ ચુકી છે. અમદાવાદમાં હજુ પણ લોકોને રાહત આપવા માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને તંત્ર દ્વારા જુદી જુદી જગ્યાઓએ ઉપર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના લીધે લોકો રાહત મેળવી રહ્યા છે.

## ઈડર બસ સ્ટેન્ડમાં પાર્ક કરાયેલ બાઈક ચોરાયું

સાબરકાંઠા જીલ્લાના ઈડરના આનંદનગર વિસ્તારમાં આવેલ શિવમ સોસાયટીના મકાન નં.૭૪માં રહેતા હર્ષલકુમાર કિતીકુમાર ગોરે ગત તા.૮ જૂન ના રોજ તેમના ભાઈ હાર્દિકભાઈનું બાઈક નં.જીજે.૯. એએન. ૨૮૩૨ને બસ સ્ટેન્ડના પાર્કીંગમાં પાર્ક કરેલ રૂા.૧૫ હજારની કિંમતનું બાઈક અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે હર્સલકુમાર ગોરે રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે ઈડરના રામનગર સોસાયટીમાં રહેતા પ્રકાશભાઈ રમેશભાઈ ભાટીયાના બાઈક નં.જીજે.૯.એકે. ૯૨૨૨ની તા.૧૧ જૂન ના રોજ પુષ્પકુંજ સોસાયટી પાસેથી અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે પ્રકાશભાઈએ પણ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રંગપુરમાં બંધ મકાનમાંથી ૭૩ હજારની મત્તા ચોરાઈ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના રંગપુર ગામે આવેલ એક મકાનમાંથી શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રોકડ તથા સોના-ચાંદીના દાગીના મળી રૂા.૭૩ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મકાન માલિકે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે રંગપુર ગામે રહેતા મનુભાઈ ડાહ્યાભાઈ પટેલના મકાનમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પછીતની બારી તોડી ઘરમાં પ્રવેશ કરી રૂા.૭ હજાર રોકડા તથા સોના-ચાંદીના દાગીના મળી રૂા.૭૩ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે મનુભાઈ પટેલે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાં શિક્ષણની અધોગતિ : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ પત્રકાર તથા મીડીયાના મિત્રોએ સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસે ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે તા. ૯-૫-૨૦૧૬ને અખાત્રીજના દિવસે લોકોની સમસ્યા પ્રશ્નો સાંભળવા શરૂ કરેલા લોક દરબારને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. એ લોકદરબારમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ લોકદરબારની વેબસાઈટ પ્રજા પોતાના પ્રશ્નો ઓનલાઈન રજુ કરી શકે તે માટે ખુલ્લી મૂકી હતી. અત્યાર સુધીમાં ૧૫ લોક દરબાર થઈ ચુક્યા છે, જેમાં લગભગ ૧.૬૦ લાખ લોકોને સંબોધ્યા છે અને ૬૦ હજાર કરતાં વધુ લેખિત અરજીઓ મળી છે. આ

**૧.૬૦ લાખ લોકોની તકલીફો સાંભળવામાં આવી ચુકી છે : બેરોજગારી અને મહેસુલી પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા**

લોકદરબારમાં ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી સમાજના આગેવાનો, ભાજપ સાથે સંકળાયેલા સિનિયર આગેવાનો, માજી સૈનિકો, બાંધ્યા પગારવાળા કર્મીઓ, કથળેલી કાયદો અને વ્યવસ્થાથી પિડીત મહિલાઓને લગતા પ્રશ્નો, મહેસુલના પ્રશ્નો, બેરોજગાર અને બેરોજગારીને લગતા પ્રશ્નો રજુ થયા છે. એમાંય સૌથી વધારે પીવાના પાણીની અછત અને શિક્ષણની અવદશા, મોંઘા શિક્ષણના પ્રશ્નો મોટી સંખ્યામાં રજુ થયા છે. ફીકસ પગાર દ્વારા આર્થિક શોષણ, આંગણવાડીની બહેનો, આશાવર્કર બહેનો, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ, વિકલાંગો, ફીઝીયોથેરાપીસ્ટો, નર્સિગની બહેનો વગેરેને અપૂરતુ અને અનિયમિત રીતે મળતા સ્ટાઈપેન્ડના પ્રશ્નો રજુ થયા છે. આગામી દિવસોમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને શહેરી વિસ્તારમાં લોકદરબારના આયોજનની વિચારણા થઈ રહી છે. શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં કથળેલ શિક્ષણની પરિસ્થિતિ વિશે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે છેલ્લા ૨૦ વર્ષથી વિકાસના નામે વાતો કરી ગુજરાતની પ્રજા અને નવી પેઢી સાથે ખુબ મોટો અન્યાય કર્યો છે.





બેટી બચાવો, બેટી પઢાઓ... બેટી બચાવો, બેટી પઢાઓ સુત્ર સાથે રાજ્યભરમાં લોકજાગૃતિનું અભિયાન ચાલે છે. અમદાવાદની કન્યા વિદ્યાલય દ્વારા યોજાયેલી જાગૃતિ રેલીથી ભારે જાગૃતતા કેળવાઈ હતી.

# ગુજરાતની નવી એગ્રો બિઝનેસ પોલિસી-૨૦૧૬-૨૧

સીઆઈઆઈ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશના સંયુક્ત ઉપક્રમે નોલેજ શેરીંગ ફોરમ દ્વારા ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી ગુજરાતની નવી એગ્રો બિઝનેસ પોલિસી, ૨૦૧૬-૨૧ અંગે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. સીઆઈઆઈ -ગુજરાત નોલેજ શેરીંગ ફોરમ દ્વારા આ નીતિ હેઠળ કામ કરનાર અથવા તેનો લાભ મેળવનાર સરકાર, ઉદ્યોગ, ઉત્પાદકો-વાપરનાર વર્ગ વગેરેને તમામ વર્ગોને પોતાના વિચારો વ્યક્ત કરવા માટે તથા તેના વૈધાનિક દિશા નિર્દેશની બારીકીઓ સમજવા માટે એક જ મંચ ઉપર લાવવામાં આવ્યા હતા.

સીઆઈઆઈની ફૂડ પ્રોસેસિંગ અંગેની નેશનલ કમિટીના ચેરમેન અને રસના પ્રા. લિ. ના મેનેજીંગ ડિરેકટર શ્રી પિરૂઝ ખંભાતા એ જણાવ્યું કે સઉદ્યોગ આ નીતિને ઉદ્યોગની તરફેણ કરનારી માને છે. તેનાથી દુજરાતના એગ્રો-બિઝનેસ સેકટરના શહેરી અને ગ્રામ્ય વર્ગ બંનેને ફાયદો થશે. આ સમાવેશી વિકાસની નીતિ છે'. આ નીતિ અંગે ગ્રામ્ય સ્તરે પણ જાણકારી આપવાની જરૂર છે. ઉદ્યોગ અને શિક્ષણ જગતને અગ્રતા ઉપર ભાર મુકતાં શ્રી પિરૂઝે જણાવ્યું કે સ્કીલ ઈન્ડીયાને આગળ ધપાવવા માટે ઉદ્યોગે શૈક્ષણિક સંસ્થાઓ સાથે મળીને કામ કરવાની જરૂર છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશના મેનેજીંગ ડીરેકટર શ્રી કે. એસ. રંધાવાએ ચર્ચામાં સામેલ થતાં નીતિ અંગે સમગ્રલક્ષી વિઝન રજૂ કરતાં નીતિ અંગે ગુજરાત સરકારે હાથ ધરેલા પ્રયાસોની તમામ મહત્વની બાબતો દર્શાવીને જણાવ્યું કે સનીતિને મહત્વનો ઉદ્દેશ ગુજરાતને વધુ સાતત્ય સાથે ગુજરાતમાં ખેતી અને ખેત પ્રોસેસીંગ માટે આસાની ઉભી કરવાનો છે. નીતિનો ઉદ્દેશ એગ્રો -પ્રોસેસીંગ ક્ષેત્રે થાય મૂડીરોકાણ માટે સુવિધા પૂરી પાડવાનો છે, જેથી મૂલ્ય વૃધ્ધિને પ્રોત્સાહિત કરવાનો છે જેથી ખેડૂતને વધુ આવક પ્રાપ્ત અને ગ્રામ ક્ષેત્રે રોજગારીની બહેતર તકો ઉભી થાય અને ગ્રાહકોને બહેતર પ્રોડકટસ મળી રહે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશના ચેરમેન શ્રી બાબુભાઈ જેબલીયાએ જણાવ્યું કે સકચ્છમાં કૃષિ ક્ષેત્રે જે પ્રયાસો હાથ ધરાયા તેને કારણે કચ્છની સીકલ પલટાઈ ગઈ છે અને ખાસ કરીને ખારેક અને કેસર કેરીના ઉત્પાદનમાં ઔદ્યોગિક ક્ષેત્રે પણ સિમાચિન્હ સ્થપાયું છે. કચ્છી કેસર કેરી માટે જે નવિનતાલક્ષી પ્રયાસો થયા છે તેનો ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ લાભ લઈ શકે છે.

### રાજ્યોનો ટેકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણ કે કોંગ્રેસ દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવી રહ્યો છે. દેખિતીરીતે જ તમામ રાજ્યોએ જીએસટીને ટેકો આપ્યો છે પરંતુ તમિળનાડુએ હજુ સુધી કેટલાક મુદ્દા ઉપર વાંધા ઉઠાવ્યા છે. અરુણ જેટલીએ બે દિવસીય બેઠકના પ્રથમ દિવસે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમિળનાડુએ કેટલાક મહત્વપૂર્ણ સૂચન કર્યા છે જેની કમિટિ દ્વારા નોંધ લેવામાં આવી છે. આ બેઠકમાં પશ્ચિમ બંગાળના અમિત મિત્રા સહિત ૨૨ રાજ્યોના નાણામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી અને મેઘાલયના મુખ્યમંત્રી, દિલ્હીના નાયબ મુખ્યમંત્રી, સાત અન્યોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેટલીએ કહ્યં હતું કે, નાણામંત્રીઓની આ રેકોર્ડ હાજરી નોંધાઈ છે. દરેક રાજ્ય દ્વારા જીએસટી અંગે વિસ્તૃત અભિપ્રાય આપ્યા છે. જીએસટીએનના ચેરમેન અને મહેસુલ સચિવ હસમુખ અડિયા પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. જેટલીએ કહ્યું હતું કે, જીએસટી બિલને લોકસભા દ્વારા લીલીઝંડી આપી દેવામાં આવી છે જ્યારે રાજ્યસભામાં આ બિલ પેન્ડિંગ છે.

### લાલઘૂમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક ધારસભ્યો પોતાના ક્ષેત્રના કામ જોતાની સાથે સાથે અન્ય કેટલાક કામ જોઈ શકે છે. જેમાં સ્કુલ, હોસ્પિટલ, વીજળી, માર્ગોનો સમાવેશ થાય છે. અમે આ ધારાસભ્યોને કોઈ પૈસા આપી રહ્યા નથી. નોટિફિકેશનમાં સાફ શબ્દોમાં લખવામાં આવ્યુ છે કે સંસદીય સચિવોને કોઈ પૈસા મળશે નહી. કોઈ સુવિધા અથવા તો કોઈ ભથ્થા આપવાની વાત પણ કરવામાં આવી નથી. તેમણે પ્રશ્ન કરતા કહ્યુ છે કે જો કોઈ ધારાસભ્ય ફ્રીમાં કામ કરવા માંગે છે તો મોદીને તકલીફ શુ થઈ શકે છે. ધારાસભ્યો ભાગી ભાગીને લોકોના કામ કરી રહ્યા છે. મોદી કામ કરનારને ગેરલાયક જાહેર કરવામાં લાગેલા છે. મોદી પોતે કામ કરશે નહી અને બીજાને કરવા દેશે નહી. આ તમામને ઘેર બેસાડી દેવાથી મોદીને શુ મળશે. મોદી કહે છે કે સોનિયા ગાંધી સંસદ ચાલવા દેતા નથી. તેઓ લોકસભાની હાર પચાવી શકતા નથી. અમે કહી રહ્યા છીએ કે મોદી દિલ્હીની હાર પચાવી શક્યા નથી.

### અવગણના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શકાય છે. શહેરના કેટલાક લોકપ્રિય સ્થળો અને ઈમારતોને તેમના પૂર્વજ મોતીલાલ નહેરુના અને સ્વરૂપ રાણીના નામ પર છે. રવિવારના દિવસે આજે પણ આનંદ ભવનને જોવા માટે લોકોની લાઈનો લાગેલી રહે છે. આનંદ ભવન દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના આવાસ તરીકે છે. આ તમામ કારણોસર પણ વરૂણ લોકપ્રિય રહેલોછે. આ તમામ કારણોથી શહેરભરમાં લગાવવામાં આવેલા પોસ્ટરોમાં વરૂણ પણ નજરે પડે છે. બેનરોમાં વરૂણના ફોટોને લઈને કોઈને હેરાની થતી નથી. અલ્હાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક હાલમાં યોજાઈ હતી. બેઠકનો હેતુ આગામી વર્ષે ઉત્તરપ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પાર્ટીની સ્થિતીને આ વિસ્તારમા પણ મજબુત કરવાનો છે. શહેરમાં લાગેલા મોટા મોટા પોસ્ટરોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, તેમજ પાર્ટીના બીજા નેતાની સાથે વરૂણ પણ નજરે પડે છે. પોસ્ટરો મારફતે વરૂણની તરફથી ભાજપના દિગ્ગજોનુ સ્વાગત કરવામાં આવ્યુ છે.

### ખરીદ નીતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતર્ગત આ ખરીદ નીતિ હેઠળ ખરીદ કરવાની ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદિત થયેલી હોવી જોઈએ. જરૂરિયાત મુજબ વસ્તુ ખાસ ટેકનિકલ સ્પેશીફિકેશનની હોય કે જે ભારતમાં ઉત્પાદિત થતી ન હોય અને વિદેશથી ખરીદી કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં સંબંધિત વિભાગના સચિવનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આયાતી ચીજ વસ્તુઓ માટે ક્વોલિટી કાઉન્સીલ ઓઈ ઈન્ડિયા અથવા ભારતીય માનક બ્યુરો અથવા ભારત સરકાર માન્ય સંસ્થાનું ગુણવત્તા પ્રમાણપત્ર હોવાનું અનિવાર્ય છે. આ માન્ય સંસ્થાના માપદંડ મુજબની ગુણવત્તાવાળી ચીજવસ્તુઓની ખરીદીને પ્રાધાન્ય આપવાનું રહેશે અને આ અંગેની શરતોને ટેન્ડર ઈન્કાવાયરીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

### રોપાઓનું વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુલ્લી જગ્યામાં રોપાઓની વાવણી કરવામાં આવશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરમાં વિવિધ ઠેકાણે ૨૨ હજાર જેટાલા ખાડાઓ પણ ખોદી નાંખવામાં આવ્યા છે. વરસાદને હજુ પણ એક સપ્તાહ જેટલો સમય લાગે તેમ હોવાથી વન તંત્ર દ્વારા એડવાન્સ વાવેતર કરવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે આજથી શહેરમાં રોપાઓની વાવણી શરૂ કરી દેવાશે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના ચ માર્ગ તેમજ સે-૨૭ માં રોપાઓની વાવણીનુ કામ શરૂ કરી દેવાશે આ માટે ટેન્કરની મદદથી પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કામગીરી માટે ૧૦ મજુરોની ટીમ પણ કામે લાગશે. કલરકોડ પ્રમાણે રોપાઆની વાવણી કરાશે.ગરમાળો,કરેણ,કરંજ,કણજી, પીપળો,વડ,આંબલી, તેમજ લીમડા સહીતના વૃક્ષોની વાવણી કરાશે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ત્રણ ચાર મહિના પછી તે દિવ્યાંગ છોકરો સ્વસ્થ થઈને હોસ્પિટલેથી આવ્યો એટલે અનુપમે તેને પોતાની ઓફિસમાં કેશિયર તરીકે રાખી લીધો હતો. તેનો નાનો ભાઈ પણ ભણીગણીને સરકારી નોકરીમાં લાગી ગયો. અનુપમ વર્ષો પછી પણ ઈમાનદારીની આ ઘટનાને ભૂલી શક્યો નથી. તેણે ટીવી સામે જોયું ન્યુઝ ચાલતા હતા.

'દશ અધિકારીઓની અપ્રમાણસરની મિલ્કત અંગે એસીબીના દરોડા... વિજય માલ્યા ફરાર... ઘારચારા કૌભાંડની ફાઈલો ગુમ...'

અનુપમે રીમોટ હાથમાં લઈ ટીવીને સ્વીચ ઑફ કર્યું. તે વિચારતો હતો. આ સમાજને પણ કોઈક રીમોટની તો જરુર ખરી, નહીં તો આ બધું કંઈ રીતે અટકશે... સાવરણી વેચતા છોકરાની વાત હવે તેને સાચી લાગતી હતી. સ્વચ્છતા અભિયાનમાં દરેકે સહયોગ આપવાની જરુર છે. પણ ઈમાનદારી આજે જાણે કે વિકલાંગ થઈ ગઈ છે. તેને કોઈ અનુપમ સહારાની જરુર છે.

### વાહનો પર પ્રતિબંધ... ● ત્રીજા પાનાનું ચાલુ

સરકારની બેજવાબદાર નીતિના કારણે પોલીસ વિભાગ, આર.ટી.ઓ., પ્રદુષણ નિયંત્રણ વિભાગ તેમજ વાહન વ્યવહાર વિભાગના નકકર એકશન પ્લાનના અભાવે ડીઝલથી ચાલતી રીક્ષાઓનું વેચાણ પણ અટકતું નથી તેમજ તમામ શહેરોમાં આવી રીક્ષાઓ દોડી રહી હોવાથી પ્રદુષણ વધી રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ હોવા છતાં વિવિધ પ્રકારના ટેક્ષ અને વેટની આવક મેળવવા માટે ભાજપ સરકાર આંખા આડા કાન કરી પ્રજાને પ્રદુષણના ખપ્પરમાં હોમી રહી છે તેમજ જાણે અજાણે પર્યાવરણને પારાવાર નુકસાન કરી રહી છે.

આથી ભાજપ સરકારે તમામ ડીઝલ રીક્ષાઓના વેચાણ તેમજ ડીઝલથી ચાલતા તમામ વાહનો રોડ ઉપર ચલાવવા સામે તાત્કાલીક ધોરણે પ્રતિબંધ મૂકવા તેમણે જણાવ્યું છે. આ બાબતે દિલ્હી સરકારના આપ મોડલનો અભ્યાસ કરી ગુજરાતમાં તેનો સુપેરે અમલ કરવા તેમણે અપીલ કરી છે.

Gujarat State Non-Resident Gujaratis' Foundation

**Gujarat State Non Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar

**SHORT TENDER NOTICE FOR SELECTION OF CREATIVE AND MEDIA PLANNING AGENCY**

Offcer are invited from reputed and experienced Creative and Media Planning Agency firms for handling the account of NRG Foundation for a period of three years.

The Tender document may be downloaded from **www.nri.gujarat..guj.in/tenders**

Last date of submission of tender is 23/6/2016

**Director**
**NRG Foundation**

માહિતી/૮૬૨/૧૬-૧૭

## ટેન્ડર નોટીસ

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની કચેરી બ્લેક નં.-એ/૪, ત્રીજા માળે, જુની નર્સિંગ કૉલેજ બિલ્ડીંગ, કેન્સર હોસ્પિટલની સામે, ગેટ નં.૬, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ ખાતે કાર્યરત છે. આ કચેરીમાં આવેલ ફર્નિચર, પાર્ટીશનો, એલ્યુમિનિયમ સેક્શન, એર કંડીશન તેમજ અન્ય રીનોવેશન કરાવવાનું હોવાથી તે અંગેના ભાવ રસ ધરાવતી પાર્ટીએ દિન-૮માં સીલબંધ કવરમાં મોકલી આપવા. આ અંગેની વિગત જેવી કે ટેન્ડર ફોર્મ વગેરે ઉપરોક્ત સરનામેથી મેળવી લેવાના રહેશે. ગર્વમેન્ટના કામ કરેલ પાર્ટીને અગ્રતા આપવામાં આવશે.

**રજીસ્ટ્રાર**
**ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ**
**અમદાવાદ**